Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# સમાજ સુધારક તરીકે ગાંધીજીનું કાર્ય

**નૈસર્ગી મહેન્દ્રકુમાર પટેલ**
એસ.વાય.બી.એડ. શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.
Email: patelnaisargi1415@gmail.com

ઇ.સ. 1915 - 17 થી 1947 ના લગભગ ત્રણ દાયકાની રાષ્ટ્રીય પ્રવૃત્તિનો સરવાળો એટલે ગાંધીજી! ત્રીસ વર્ષ - એટલે કે પૂરેપૂરી એક પેઢી સુધી વિશ્વની રંગભૂમિ પર ગાંધીજી-એટલે જ ભારત !

વીસમી સદીના કેવળ ગુજરાતના જ નહીં પણ સમગ્ર ભારતના પ્રજાજીવન તથા સાહિત્ય પર જેમનો અપૂર્વ ઘટનાત્મક પ્રભાવ પડેલો છે તે યુગપુરુષ મહાત્મા ગાંધીજીએ પોતાના જીવન અને કાર્યથી સમગ્ર વિશ્વની માનવજાત સાથે આત્મીયતાનો સેતુ રચ્યો હતો. સેવા, સદાચાર, ઈશ્વર નિષ્ઠા તેમજ સર્વ ધર્મ સમભાવ જેવા સંસ્કારો ગાંધીજીને બાળપણથી જ માતા પિતા પાસેથી વારસામાં મળ્યા હતા.

બેરિસ્ટર થઈને દક્ષિણ આફ્રિકામાં વકીલાત કરતા કરતા ગાંધીજીને એવા પ્રસંગો સાંપડ્યા જેમાં એમના હૃદયમાં ઊંડે ઊંડે પડેલી ત્યાગ, આત્મસમર્પણ અને સેવાની ભાવનાને અમૂલ્ય તક મળી. એમાંથી સ્વદેશ સેવાનું વ્રત જન્મ્યું. દક્ષિણ આફ્રિકાની લડતથી તેમને એક અજોડ લોકસેવક અને લોકનેતા તરીકે પ્રતિષ્ઠા મળી.

ગાંધીજીના જીવન કાર્યના ઊંડા અભ્યાસી પ્રો. ચી. ના. પટેલ નોંધે છે : દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ હિન્દી કોમની સુધારણા માટે અનેક પ્રવૃત્તિઓ કરી. આહારના, ઉપચારના, કેળવણીના અનેક પ્રયોગો કર્યા. તપસ્વી જીવનની ઉગ્રતા પણ અપનાવી. એમાં કુટુંબ, અંતેવાસીઓ અને પોતે પણ તવાયા . છેવટે 1915 માં દક્ષિણ આફ્રિકાની લડતના વિજય સેનાની તરીકે પોતાના જીવન કાર્ય ના સ્પષ્ટ નકશા સાથે તેઓ ભારત આવ્યા. ગાંધીજીના આગમન બાદ ભારતના પ્રજા જીવનનો જાણે નકશો બદલાઈ ગયો.

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા આવ્યા ત્યારથી ભારતની આઝાદી સુધીનો સમયગાળો વિશ્વ વ્યાપી જાગૃતિ અને વ્યાપક હલચલનો સમય ગાળો છે.

ભારતમાં આવીને ગાંધીજીએ સૌપ્રથમ તો વિનીત વિચારક ગણાતા ગોપાલ કૃષ્ણ ગોખલે ની સલાહ અને સુચના અનુસાર ગ્રામ સમાજ રૂપે વસતા સાચા હિંદનું દર્શન કરવામાં કેટલોક સમય ગાળ્યો. તેમાંથી આશ્રમ જીવનનો સંકલ્પ ગાંધીજીના ચિત્તમાં સ્પષ્ટપણે તરી આવ્યો. ચંપારણની ગરીબી જોયા પછી તેમણે રેંટિયો અપનાવ્યો અને ગળીના ખેતરના ખેડૂતો પરના જુલમમાંથી સત્યાગ્રહનો રાહ અપનાવ્યો. અહિંસા અને રોજિંદા પ્રજા જીવનની સમસ્યાના ઉકેલના પ્રતિકરુપ ખાદીનો વિચાર પ્રજા સમક્ષ ગંભીરતાપૂર્વક તેમણે સ્વ આચરણ સાથે રજૂ કર્યો.

ગાંધીજીએ ભારતમાં જોયું તો - અંગ્રેજ રાજ્ય દરમિયાન મૂડીવાદી અર્થવ્યવસ્થા હતી અને ગામડાનો આત્મનિર્ભર અવસ્થાનો અંત આવ્યો હતો. જમીનદાર વર્ગ ખેડૂતોનું શોષણ કરતો હતો. પંચાયતોના હાથમાંથી ન્યાયનું સુકાન ઝૂંટવાયું હતું . અંગ્રેજી ન્યાય મોંઘો હતો. નોકરશાહી અને જમીનદારશાહીની નાગચૂડમાં પ્રજા પિસાતી હતી. મહેસુલની સાથે સાથે વેઠ પ્રથા, હાળી પ્રથા જેવી ગુલામીની પ્રથાઓ શ્રમજીવીઓનું લોહી ચુસતી હતી. માલિકો અને મજૂરોનો સંઘર્ષ પણ ઉગ્ર થતો જતો હતો. ગરીબ વધુ ગરીબ, તવંગર વધુ તવંગર થતા જતા હતા. ગ્રામજીવન અશાંત બન્યું હતું. ગ્રામોદ્યોગોનો નાશ થઈ રહ્યો હતો ને મોટા યંત્રોથી સજ્જ ભારે ઉદ્યોગોથી શહેરો ધમધમવા લાગ્યા હતા. ગામડે વિદેશી વસ્તુઓ સહેલાઈથી પહોંચી જતી હતી અને દેશી વસ્તુઓનો કોઈ ભાવ પૂછતું ન હતું. લાખો ગામડાઓમાં વસેલા ભારતનું લોકજીવન, અર્થકારણ પડી ભાંગવાથી ક્ષતવિક્ષત થઈ ગયું હતું.

પ્રાકૃતિક સાધનો તથા કલા કૌશલનુ વૈપુલ્ય હોવા છતાં દેશ દિવસે દિવસે દરિદ્ર બનતો જતો હતો. તેથી ભારતીય જીવનમાં સંગઠન વ્યવસ્થા તથા એકતા ની ભાવના નાશ પામતી જતી હતી. જમીનના નાના નાના ટુકડાઓ થતા જતા હતા અને વિભક્ત કુટુંબો વધતા જતા હતા. ભારતીય કુટુંબવ્યવસ્થા છીન્નભિન્ન થતી જતી હતી. દેશની દુર્દશા નો પાર ન હતો .

બીજી બાજુ, હિન્દુ - મુસલમાનોના લોહિયાળ ઝઘડા થતા હતા, સવર્ણો અસ્પૃશ્યોને ધિક્કારતા હતા , ઊંચનીચના, ગરીબ તવંગરના, નાત જાતના ,જાતભાતના પારાવાર ભેદ હતા. સરકારની નીતિ ભગલાવાદી હતી.

અશિક્ષિત બહુજન સમાજ નો મોટો ભાગ બાળકો, કિશોરો, વિદ્યાર્થીઓ ,સ્ત્રીઓ ,મજૂરો, કિસાનો, કામદારો વગેરે હજુ રાષ્ટ્રીય અસ્મિતા અને સ્વતંત્રતાની ભાવનાથી વંચિત હતા. આમજનતા હજુય અજ્ઞાન હતી, વહેમી હતી , દંભી હતી , જડ હતી , વ્યસની હતી , અંધશ્રદ્ધાળુ હતી, અશિક્ષિત હતી, અંધકારમાં જીવતી હતી.

કન્યાકુમારી થી કાશ્મીર સુધી ફરી ફરીને ગાંધીજીએ દેશની દયનીય દરિદ્રતાના દર્શન કર્યા. બધી રીતે દેશ પારાવાર ગંદકી અને ગરીબાઈ માં સબડી રહ્યો હતો.

આવી પરિસ્થિતિમાં ગાંધીજીએ રાષ્ટ્રના પ્રાણને હલાવી નાખે એવી રાષ્ટ્રીય અસ્મિતાની ભાવના ગામડે અને શહેરે વહેતી મૂકી. આમજનતાના સંપર્કમાં આવીને આમ જનતાની વાણીમાં તેમણે પોતાના વિચારો રજૂ કર્યા.

માટી માંથી મર્દ જગાડયા. શ્રમજીવીઓ, દબાયેલા , કચડાયેલા ,પીડાયેલા, રહેંસાતા સૌને જગાડયા. રચનાત્મક કાર્યક્રમોનો અમલ મિશનરી જુસ્સાથી કરીને રાષ્ટ્રના સર્વાંગી પુનરુથ્થાનની ભાવના જગાડી. રાષ્ટ્રીય એકતા માટે કાર્યક્રમો આપ્યા. આર્થિક ઉત્કર્ષ માટે હસ્તઉદ્યોગ, ગ્રામોદ્યોગ, ગૃહ ઉદ્યોગ,

પરદેશી માલનો બહિષ્કાર, સ્વદેશી નો આગ્રહ, રેંટિયો, ખાદી વગેરે વિશે નવી દૃષ્ટિ લોકોમાં કેળવી. સમાજની નૈતિક પ્રગતિ માટે દારૂબંધી જેવા કાર્યક્રમો યોજ્યા. પ્રજાને સ્વરાજને લાયક બનાવવા રાષ્ટ્રીય કેળવણીનું માળખું રચ્યું. આમ અનેક સફળ યોજનાઓ એમણે ઘડી આપી.

ગાંધીજી સામે અનેક પડકારો આકરી કસોટી કરવા તૈયાર હતા. પરંતુ તેમણે પ્રજાના નૈતિક અને ભૌતિક ઉત્કર્ષ માટે પ્રચંડ પુરુષાર્થ નો સેવા યજ્ઞ શરૂ કર્યો . સાદી સરળ છતાં અર્થપૂર્ણ ભાષામાં તેઓ લોકોને સંદેશ આપતા.

"સાદું જીવન અને ઉચ્ચ વિચાર" એ સૂત્ર તેમણે વહેતું મૂક્યું હતું. ગાંધીજીએ રચનાત્મક કાર્યક્રમો દ્વારા ગામડે ગામડે સુધારાની પ્રવૃત્તિ વિસ્તારી . નગર અને ગ્રામ જીવનના સર્વાંગી વિકાસની એ યોજના હતી . હરીજનો અને આદિવાસીઓના ઉત્કર્ષ ની પ્રવૃત્તિઓનો પણ જોરદાર પ્રારંભ કર્યો. દીનહિન, દબાયેલા, કચડાયેલા દરિદ્ર સમાજને ખોરડે ખોરડે, ઝૂંપડીએ ઝૂંપડીએ ફરીને એમણે પ્રજાના દુઃખ દર્દ જાણ્યા. એમના દોષ જોયા, એમની ભાવનાઓ પ્રમાણી. ભારતના લોકોએ આવો દરિદ્ર નારાયણનો દેવતા પૂર્વે કદી જોયો ન હતો.

પ્રજાના જ્ઞાન અને સમજ સુધારવા અને આમ સમાજ સુધારો કરવા તેમણે અથાક પ્રયત્નો કર્યા.તેમના જીવન અને વ્યવહારમાં વિચાર, વાણી અને વર્તનની ત્રિવેણી સમરસ થઈને વહેતી જોવા મળે છે. જીવનના હર કોઈ ક્ષેત્રમાં એમણે વૈશ્વિક દ્રષ્ટિ અપનાવી સમન્વયના પરિબળની ભૂમિકા પૂરી પાડી. એમણે સમાજના નીચલા થરના ઉપેક્ષિત લોકો તરફ સહાનુભૂતિ ભર્યું માનવતા વાદી વલણ અપનાવ્યું હતું. એમનો દલિત પ્રેમ અને દીનજન વાત્સલ્ય નો ભાવ અજોડ હતો.

સમાજ સુધારાના એક ભાગરૂપે ગાંધીજીએ ગુજરાતી સાહિત્યમાં પ્રવેશ કર્યો અને પરાક્રમ તેમજ ઉલ્લાસ, રાષ્ટ્ર ભક્તિ અને માનવતાની ભાવનાઓ જાણે મહોરી ઊઠી. પ્રથમ વર્ષા એ તપ્ત ધરિત્રી" ગંધવતી" બની રહે છે તેમ ગાંધીજીના પ્રભાવે ગુજરાતી સાહિત્યમાં નવી ફોરમ પ્રસરી રહી . સાહિત્યની ક્ષિતિજો એ પણ વિસ્તાર સાધ્યો.

ગાંધીજી પ્રજા જીવનના સર્વ અંગોને સ્પર્શતા હતા. ગાંધીજીના વિચારો સમાજ, ધર્મ, શિક્ષણ, રાજકારણ, સાહિત્ય એમ તમામ ક્ષેત્રોમાં પરિવર્તનની છડી પોકારતા આવ્યા. ગાંધીજીએ જીવનને એક અખંડ સ્વરૂપમાં અને વ્યાપક દ્રષ્ટિથી જોવાની સમજ આપી. વાણી , વિચાર અને આચારની સિદ્ધિના તેઓ આગ્રહી હતા તેથી વિશ્વ બંધુત્વ, વિશ્વ પ્રેમ અને વિશ્વ શાંતિ ના તેમના ખ્યાલો ઝડપથી સ્વીકૃતિ પામ્યા. લોકોમાં વૈચારિક ક્રાંતિ જન્મી. ગાંધીજી ભારત માટે કોઈ વ્યક્તિ ન હતા, બલ્કે દેશની ચેતના શક્તિ હતા, મહામાનવ હતા. આમ ગાંધીજીએ સર્વાંગી વિકાસની કેડીએ મહાપ્રયાણ આદર્યું .તેઓ તેમના પ્રામાણિક પ્રયત્નોથી દેશની જનતાના પ્રશ્નો પૂરેપૂરા ઉકેલી તો ન શક્યા પણ હળવા તો જરૂર કરી શક્યા.

**સંદર્ભ સાહિત્ય :**


- અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ- ડૉ. રમેશ ત્રિવેદી
- અર્વાચીન ગુજરાતી સાહિત્ય ને પ્રેરનારા પરિબળો - ડૉ. સી. એચ. ગાંધી